


## સલામી સવારની..

*ગામેગામથી ગોતી ગુંડા પક્ષમાં ભર્યા છે,*
*સત્તા-કેફમાં, ભાન-ભૂલી, ભૂરાંટા કર્યા છે.*
*ચડ્યા છે ખૂન-ખરાબે એ કરે દુષ્કર્મો*
*શિસ્ત-સેવાનો આ પક્ષ બદનામ ઠર્યો છે...*
*(ઉન્નાવના શયતાનનું કારસ્તાન)*

હાઈકુ

*મત ને માટે,*
*થયા છે મરણીયા -*
*આત્માની હત્યા...*
*(તોડ-ફોડનાં ફળ)*

*સત્તા ની મસ્તી,*
*ચડ્યા તોફાને ઘોડા -*
*લગામ વિના...*
*બેફામ સત્તા...)*

### ચિંતન

**ઉપાયપૂર્વં ન દુષ્કરં સ્યાત્ ।**

ઉપાયથી કોઈ કાર્ય દુષ્કર રહેતું નથી.

કામ ગમે તેટલું કપરું અને દુષ્કર હોય પણ જો તમે લગન અને નિષ્ઠાથી એની પાછળ પડો તો ચોક્કસ સફળતા સાંપડે છે. આથી કોઈ કાર્ય કરતાં પહેલાં એનો ઉપાય નિશ્ચિત કરવો જોઈએ. એટલે દૃઢ નિષ્ચય કરી એને પૂર્ણ કરવાના સાધનો એકત્રિત કરવા જોઈએ. કાર્ય આરંભ કરતાં પહેલાં એનો સર્વાંગીણ વિચાર કરવાનું અતિ આવશ્યક છે.

કેટલાક લોકો માત્ર કામનું વિપુલ પ્રમાણ કે તેની કઠિનતા જોઈ ને જ થાકી હતાશ થઈ જાય છે. એમ હારી જવાથી કામ થતું નથી. પણ હિંમત અને ધીરજથી કામ પાછળ મંડી પડવાથી તે અચૂક સફળતાથી પૂર્ણ થાય છે.

### સુવિચાર

- થાક્યાં વિનાનાં વિમાસામાં અને પાક્યા વિનાની કેરીમાં જેમ રસ ન હોય તેમ તપ વિનાનાં જીવનમાં કસ ન હોય - **અભય દેવસૂરિશ્વરજી**
- તમે જે કાંઈ પણ તમારા ખુદને માટે કરો છો તે તમારી સાથે જ જતું રહે છે, અન્યો માટે કરેલા કામો જ તમારો વારસો બને છે - **એડમન્ડ ડ્યુક**
- શરુઆત કરવા માટે મહાન હોવું જરૂરી નથી, પરંતુ મહાન બનવા માટે શરૂઆત કરવી જરૂરી છે - **ડેલ કાર્નેગી**
- સત્ત્વ અને તત્ત્વ વિના આ પાંચ વસ્તુઓ દૂર રહે છે : લક્ષ્મી, લજ્જા, બુદ્ધિ, બળ, અને કીર્તિ. આથી તત્ત્વને જાણો અને સત્વનો જગાડો - **આચાર્ય અભયદેવસૂરી**
- સંતાપની સગડીમાં શેકાતા માનવીએ 'હાસ્ય'ની શોધ કરી. શાંતિની પ્રાપ્તિ કરી છે - **ફ્રેડરિક નિત્શે**
- સર્વ તપનો સાર ઈન્દ્રિય નિગ્રહ - **ચાણક્ય**
- આજનું ઔષધ : હળદરનો ગાંઠિયો પાણીમાં ઘસીને તે આંજણી પર લગાડવાથી આંજણી મટે છે

**(સંકલન : દિપક વી આશરા)**

### બોધકથા

મુલ્લા નસરૂદ્દીન સામ્યવાદી બની ગયા. મિત્રને આ વાતનું આશ્ચર્ય થયું. એટલે મિત્રએ મુલ્લાને પૂછ્યું, 'તમને ખબર છે સામ્યવાદી વિચારસરણીનો અર્થ શો છે ?' મુલ્લાએ કહ્યું, 'હા જી મને બિલકુલ ખબર છે.' મિત્રએ પૂછ્યું 'જો તમારી પાસે બે કાર હોય અને કોઈની પાસે કાર જ ના હોય તો તમારે તેને એક કાર આપી દેવી પડશે. એ તમને ખબર છે?' મુલ્લાએ કહ્યું, 'હું બિલકુલ આપી દેવા તૈયાર છું.' મિત્રએ વળી આગળ ચલાવ્યું, 'તમારી પાસે બે ઘર હશે અને કોઈ ઘર વિનાનું હશે તો એક ઘર તમારે આપી દેવું પડશે.' મુલ્લાએ કહ્યું, 'હું ઘર આપવા તૈયાર છું. હમણાં જ.' મિત્રએ કહ્યું, 'જો તમારી પાસે બે ગધેડા હશે તો જેની પાસે એક પણ ગધેડો નથી તેને એક ગધેડો આપી દેવો પડશે.' મુલ્લાએ કહ્યું, 'આ બાબતે હું અસહમત છું, હું ગધેડો નહીં આપું.' મિત્રએ પૂછ્યું 'કેમ?' કારણ કે અંતે અહી પણ એ જ તર્ક છે. વાત તો એ જ છે.' મુલ્લાએ કહ્યું, 'ના, વાત એ જ નથી મારી પાસે બે ગધેડા છે, મારી પાસે બે કાર નથી, બે ઘર નથી.' સામ્યવાદી મગજ મૂળભૂત પણે મૂડીવાદી મગજ છે, અને મૂડીવાદી મગજ એ મૂળભૂતપણે સામ્યવાદી મગજ છે. તેઓ એક જ રમતના રમતવીરો છે. તે રતમનું નામે છે 'મૂડી'.

# યુદ્ધખોર પાડોશીને પાઠ જરૂરી

**તંત્રીસ્થાનેથી...**

પાકિસ્તાન હવે છેલ્લે પાટલે બેઠું છે. ચારે તરફથી નિરાશા સાંપડતાં યુદ્ધખોર માનસ ધરાવતા પાક ખેરખાં હવે લવારો કરવા માંડ્યા છે. વિદેશમંત્રી કુરેશીએ અને અન્ય પાક નેતાઓએ કાશ્મીર અંગે વૈશ્વિક સમર્થન નહીં મળતાં ભારત સાથે યુદ્ધ કરીને પણ કાશ્મીર હસ્તગત કરવાની વાત કરી છે. રશિયાએ યુનોમાં ચીનની દરખાસ્તનો વિરોધ કરી ભારતની મૈત્રી નિભાવી છે. આથી પાકિસ્તાન માટે આંતરરાષ્ટ્રીય સહયોગની શક્યતાઓ ઘટી ગઈ છે. હવે તે બલુચિસ્તાન અને પાક અધિકૃત કાશ્મીરમાં પ્રજાકીય બળવો ન થઈ જાય એની ચિંતામાં છે. સંજોગો જ એવા સરજાયા છે કે ભારત સામે ખુલ્લો વિરોધ કરવા આંતરરાષ્ટ્રીય સમાજ તૈયાર નથી, ઊલટાના અમેરિકા, ફ્રાંસ અને બ્રિટન જેવા તટસ્થ રહેવા માગતા દેઓશો પણ પાકિસ્તાન આતંકવાદીઓને પોતાની ભૂમિમાં નેસ્તનાબૂદ કરે એવી શિખામણ આપીને ચૂપ થઈ ગયા છે. હવે પાકિસ્તાન પાસે કોઈ વિકલ્પ બચ્યો નથી પરંતુ શાંત થઈને બેસે તો એ પાકિસ્તાન શાનું ? કાશ્મીરની કલમ ૩૭૦ એ ભારતનો આંતરિક મામલો હોવા બાબતે કોઈ આંતરરાષ્ટ્રીય સત્તા એની સાથે નથી. ચીન પરાણે એના અંગત સ્વાર્થને કારણે એની તરફેણમાં જોડાયું છે. ઉફરા મને પાકને સમર્થન આપનાર ચીન યુદ્ધમાં પાકિસ્તાનનો સહયોગ કરશે કે કેમ એ મુદ્દે ખુદ પાક આર્મી જ શંકા સેવી રહ્યું છે. એટલે રાજનાથસિંહના પોખરણ નિવેદનના જવાબમાં પાકિસ્તાને પોતાની પાસે પણ અણુશસ્ત્રો વાળો વિકલ્પ ખુલ્લો હોવાની ગીદડધમકી ઉચ્ચારી છે. વિદેશમંત્રી કુરેશીએ કહ્યું છે કે હવે જો યુદ્ધ થશે તો તે પરંપરાગત પ્રકારનું નહીં હોય. શાંતિ અને મંત્રણાનો માર્ગ છોડી ફરી એક વાર સીઝફાયરનું ઉલ્લંઘન કરી પાક આર્મીએ એનું પોત પ્રકાશ્યું છે. એક ભારતીય સૈનિક સીઝ ફાયરનું ઉલ્લંઘન થતાં શહીદ થયો છે. એની સામે ભારતીય સેનાએ આખી પાકિસ્તાનની ચોકી ફૂંકી મારી છે. સરહદ પર તણખા ઝરતા રહેશે તો નાછૂટકે ભારતીય સેના કોઈ મોટું પગલું ભરશે એ નક્કી છે. એ સંજોગોમાં અણુશસ્ત્રોનો મોટો ભંડાર ધરાવતું પાકિસ્તાન કોઈ અટકચાળું નહીં જ કરી બેસે એવા વિશ્વાસમાં રહેવા જેવું નથી. આંતરરાષ્ટ્રીય સમીકરણો બદલાઈ રહ્યા છે અને ત્રીજા વિશ્વયુદ્ધને ટાળવા મહાસત્તાઓ પણ કૃતસંકલ્પ છે. કયારેક આવું યુદ્ધ મધ્યપૂર્વ - પેલેસ્ટાઈન કે ઈઝરાયલ મુદ્દે અથવા સિરિયા કે ઈરાન મુદ્દે છેડાઈ પડે એવી સંભાવનાઓ હતી. આઈએસ - ઈસ્લામિક સ્ટેટના નામે શરૂ થયેલો આતંકવાદ દુનિયાભરમાં ફેલાઈ ચૂક્યો છે અને હવે પછીનું એનું નિશાન કાશ્મીર હોવાની પૂરી સંભાવના છે. આ તમામ જોખમો વચ્ચે બળતામાં ઘી હોમવા જેવી પરિસ્થિતિ કાશ્મીર અંગેની કલમો રદ થવાથી સરજાય તો નવાઈ નહીં. પરિસ્થિતિ થાળે પડી રહી હોવાના ભ્રમમાં રાખીને દુશ્મનો - કાશ્મીરમાં જ રહી ભારતને તબાહ કરવા મથતાં તત્ત્વો કયારે ભડકો કરી બેસશે તે કહેવું મુશ્કેલ છે. જો ચીનનું સીધું સમર્થન ન મળે તો પાકિસ્તાન આપોઆપ ઠંડુંગાર થઈ ગયું હોત. પરંતુ ચીનને એની ગરજ પણ છે અને ભારતને વધુ પડતું આગળ વધતું અટકાવવાની એને શરૂથી જ ચળ ઊપડેલી છે. એ સંજોગોમાં ભારત સરકારે અને સેનાએ એક એક પગલું વિચારપૂર્વક ભરવું પડે એવી સ્થિતિ સરજાઈ છે. 'પહેલો ઘા રાણાનો' - એ ન્યાયે ભારત કોઈ પણ પહેલ કરશે તો સામે પાકિસ્તાન એનો અણુભંડાર કયારે ખોલી બેસશે તે કહેવું કે કળવું અઘરું છે.

# ફક્ત ૨૯૦ દિવસમાં દુષ્કર્મના કેસનો ઐતિહાસીક ફેસલો :

## આરોપી સામે કોર્ટે ઈપીકો કલમ ૩૦૨, ૩૬૬, ૩૭૬ (એબી) ૩૭૭, ૨૦૧ તથા પોસ્કો એકટની કલમ ૩૧ (એ) ૫(એમ) મુજબ ફાંસી તથા પોસ્કો કલમ ૪, ૬, ૮ મુજબ પણ ફાંસીની સજાનો હુકમ ફરમાવેલ.

### આરોપીને ફાંસીની સજા આપવી કે નહિ તે હવે હાઈકોર્ટ નક્કિ કરશે. સેશન્સ કોર્ટની સજાના હુકમની નકલ હાઈકોર્ટમાં પહોંચ્યા બાદ હાઈકોર્ટ દરેક પાસાઓનો વિચાર કરી ફાંસી યથાવત રાખવી કે કેમ તે નક્કિ કરશે.




સુરતના ઈતિહાસમાં પ્રથમવાર દુષ્કર્મના આરોપીને કોર્ટે ફાંસીની સજા ફરમાવી છે. આરોપી અનિલ યાદવને કોર્ટે ફાંસીની સજા ફરમાવી છે. ૩૫ સાક્ષીઓ, મેડિકલ પુરાવા, સીસી ટીવી સહિતના પુરાવાને ધ્યાને રાખી કોર્ટે ચુકાદો આપેલ છે. માત્ર ૨૯૦ દિવસમાં આરોપીને ફાંસીની સજા ફટકારવામાં આવી છે.

કેસની હકિકત મુજબ લીંબાયતની ત્રણ વર્ષ અને સાત મહિનાની બાળકી ઉપર બળાત્કાર અને હત્યાના ગુન્હામાં સંડોવાયેલા આરોપી અનિલ યાદને આખરે એડિશનલ સેશન જજ પી.એસ. કાલાની કોર્ટમાં ફાંસીનો હુકમ કર્યો હતો. ચુકાદામાં કોર્ટે જણાવ્યું છે કે પહેલાના જમાનામાં રાક્ષસો બાળકોને ઉપાડી જતા હતા એ વાર્તા આવતી હતી આ તો રાક્ષસી કરતા પણ વધુ જઘન્ય કૃત્ય છે જેમાં આરોપીને આજીવન કેદ કરતા મૃત્યુ દંડની સજા જ યોગ્ય છે.

આરોપીની માનસીકતા પણ અહિ જોવાની રહે છે. દુષ્કર્મ આચર્યા પછી આરોપીએ બાળત્કાની નિર્ઘય હત્યા કરી પુરાવાનો નાશ કરવાની કોશીષ કરેલ છે.

૧૫ વર્ષ અગાઉના આમ્રપાલી સોસાયટીના લુંટ વીથ હત્યાના ગુન્હામાં ફાંસીની સજાના હુકમ બાદ આ બીજો હુકમ છે અલબત બળાત્કારના કેસમાં સુરત ખાતેના આ પ્રથમ ફાંસીનો હુકમ છે.

આરોપીને સજાની જોગવાઈ કરવાની દલીલોમાં સરકાર પક્ષે દલીલ કરતા જણાવ્યું હતું કે ૧૯૫૦ ઈ.સ. પૂર્વે પણ ફાંસીની જોગવાઈને લઈને સુપ્રિમ કોર્ટે ૧૯૫૦ થી લઈ ૨૦૧૨ સુધી કુલ ૪૩૭ કેસમાં ફાંસીની સજા સંભળાવી છે.

આ કેસમાં ચુકાદાની કોપી હવે હાઈકોર્ટમાં જશે અને ઉચ્ચ ન્યાયાલય જ નક્કી કરશે કે ફાંસીની સજા યથાવત રાખવી કે કેમ? બાળકીના માતાપિતાએ ચુકાદો આવ્યા બાદ પ્રતિક્રિયા આપતા જણાવેલ કે આખરે અમારી દિકરીના આત્માને શાંતિ મળી કોર્ટ રૂમમાં ચુકાદો સાંભળવા બાળકીના મહોલ્લાના લોકો મોટી સંખ્યામાં હાજર હતા. સરકાર પક્ષે ફાંસીની સજા માટે કુલ ૧૪ જેટલા જજમેન્ટ રજુ કરવામાં આવ્યા હતા અને સમાજમાં દાખલો બેસે એ માટે આરોપીને કેપિટલ પનીશમેન્ટ અંગેની દલીલો કરી હતી જેને કોર્ટે માન્ય રાખી ફાંસીનો હુકમ કરેલ.

કોર્ટે ઈપીકો કલમ ૩૦૨, ૩૬૬, ૩૭૬ (એબી) ૩૭૭, ૨૦૧ તથા પોસ્કો એકટની કલમ ૩૧ (એ) ૫(એમ) મુજબ ફાંસી તથા પોસ્કો કલમ ૪, ૬, ૮ મુજબ પણ ફાંસીની સજાનો હુકમ ફરમાવેલ.

પીડિતાની માતાએ જણાવ્યું હતું કે અમે છેલ્લા નવ મહિનાથી ઈચ્છતા હતા કે આરોપીને ફાંસીની સજા થાય જેથી સમાજમાં બીજી દિકરીઓ સાથે કોઈ પાપી આવું જઘન્ય કૃત્યના આચરે આ ચુકાદાને લીધે મૃતકના આત્માને શાંતિ ચોક્કસ મળશે.

આરોપીને ફાંસીની સજા આપવી કે નહિ તે હવે હાઈકોર્ટ નક્કિ કરશે. સેશન્સ કોર્ટની સજાના હુકમની નકલ હાઈકોર્ટમાં પહોંચ્યા બાદ હાઈકોર્ટ દરેક પાસાઓનો વિચાર કરી ફાંસી યથાવત રાખવી કે કેમ તે નક્કિ કરશે. સજા યથાવત રહેતો આરોપી હાઈકોર્ટમાં અપીલ કરી શકે છે. ફાંસીની સજા જો હાઈકોર્ટમાં આજીવન સજામાં ફેરવાય જાય તો દિકરીના માતા પિતા હાઈકોર્ટમાં અપીલ કરી શકે છે.

આરોપી બિહારના લિહોન્હી ગામનો રહેવાસી છે. તેના ભાઈ અને માતાએ આરોપી નિર્દોષ હોવાનું રટણ ચાલુ રાખેલ છે. ગામમાં આરોપીનો વ્યવહાર સારો હતો તેમ જણાવ્યું હતું આ ઘટનાને તેના મિત્રોએ અંજામ આપી આરોપ અનિલ યાદવ ઉપર લગાવ્યાનું આરોપીના ભાઈએ જણાવેલ છે.

સ્પે. સરકારી વકિલના કેરીયરની આ બીજી ફાંસીની સજા છે. અગાઉ સુરતમાં ૨૦૦૫-૦૬ માં લુંટ અને હત્યાના મામલે આરોપીને ફાંસીની સજા કરાવેલ છે.

ફાંસી માટે દલીલો કરતા સરકારી વકિલે જણાવેલ કે આરોપી ઉપર દયાભાવ રાખવા યોગ્ય નથી. બાળકીની ઉંમર જોવી જોઈએ તે સ્વ બચાવ કરી શકે તેવી હાલત પણ ન હતી ઓછી સજા ન્યાયતંત્ર માટે નુકશાનકારક છે. નિર્ભયા કેસના ચુકાદા બાદ કાયદામાં સુધારો કરી આઈપીસી કલમ ૩૭૬ માંએ, બી સેકશન ઉમેરી ફાંસીની જોગવાઈ કરેલ છે. વાસના આટલી હદ વટાવે તે કહી ના શકાય દેશમાં અત્યાર સુધીમાં આઈપીસી મુજબ ૧૧ અને પોસ્કો તથા અન્ય કલમ મુજબ અત્યાર સુધીમાં ૨૧ ગુન્હામાં આરોપીને ફાંસીની સજા આપવામાં આવી છે. સુરત કોર્ટ ફકત ૨૯૦ દિવસમાં કેસ ચલાવી ઐતિહાસીક ચુકાદો આપી આમ જનતામાં કોર્ટ પ્રત્યે વિશ્વાસનું વાતાવરણ ઉભું કરી આરોપીને કાયદાનો ભય રહે તેવો ચુકાદો જાહેર કરેલ છે.

# પ્રેમને કાળનાં બંધન મહીં ફસતાં જોયો ! એક પર્વતને અમે ખીણમાં ઘસતાં જોયો!




**"પ્રેમને કાળનાં બંધન મહીં ફસતાં જોયો !**
**એક પર્વતને અમે ખીણમાં ઘસતાં જોયો!"**
**- 'શૂન્ય' પાલનપુરી**

'પ્રેમ' વિષે ઘણું લખાયું, જીવાયું, ઝીલાયું અને અનુભવાયું છે ! છતાં જયારે આ પ્રકારની લાગણી આપણા પોતાનામાંથી પસાર થાય ત્યારે આ કોઈ જ બાબતોના અનુભવો કામ લાગતા નથી કે યાદ પણ આવતા નથી. પ્રેમ અને લગ્ન એ આમ એકબીજાથી સાવ જુદા હોય છે. આજકાલ નાના-મોટા, ગરીબ-તવંગર, મોર્ડન-ઓર્થોડોક્સ કોઈ પણને સંબંધમાં, પોતાના કામમાં, પોતાની પસંદગી-રુચિને વ્યક્ત કરવામાં એમ દરેક બાબતમાં એક Spece એક મોકળાશ જોઈએ છીએ. પ્રેમને પણ એવી મોકળાશ જરૂરી છે. વધુ પડતો પ્રેમ, વધુ પડતી કાળજી કયારેક પ્રેમ અને લાગણીના પુષ્પને ગૂંગળાવી નાખે છે. પ્રેમ એ વિશ્વની સૌથી અદ્ભૂત અનુભૂતિ છે અને આવા પ્રેમને જો મોકળાશ મળે, વિસ્તરવા માટેની પૂરતી સગવડ મળે તો તેનું સ્વરુપ, તે વ્યક્તિ અને તેની આસપાસ રહેલું સઘળું સુંદર રીતે ખીલી ઊઠે છે, મધમધી ઊઠે છે.

કોઈ પણ વ્યક્તિના જીવનમાં જન્મથી લઈને મૃત્યુપર્યંત અનેક સંબંધો પ્રવેશે છે પરંતુ આ તમામ સંબંધોમાં સૌથી વધુ અગત્યનો અને સુંદર સંબંધ છે પતિ-પત્નીનો! આજના સમયમાં લિવ-ઈન રીલેશનશીપ્સ જયારે વધુ પસંદગી પામે છે ત્યારે લગ્નબંધનમાં જોડાઈને આજીવન તેને ટકાવી રાખનારા અને જાળવી શકનારા વ્યક્તિઓને વધુ ક્ષમાશીલ, વધુ ઉદાર મતવાદી અને વધુ ગ્રાહ્ય બનવું પડે છે. મિત્રોથી શરૂ કરીને, પ્રેમી પાત્ર, ત્યારબાદ સાથે રહેવાનું નક્કી કરવું, આજીવન સાથ નિભાવવાના વાયદા અને આખીયે સફર અત્યંત રસપ્રદ અને રોમાંચક રહે છે પણ ખરી શરૂઆત ત્યારબાદ જ થાય છે અને મોટાભાગના લોકો તેને અંત સમજીને તેના પ્રત્યે બેદરકાર બની બેસે છે અને માટે સંબંધને ખોઈ બેસે છે. જે સંબંધ જીવનમાં સૌથી વધુ મહત્ત્વનો અને જીવનને સૌથી વધુ રંગોથી સજાવી દેનારો હોય તે જ જયારે મૂર્ઝાઈ રહ્યો હોય ત્યારે એ આઘાતને જીરવવો, પચાવવો અને તેમાંથી બહાર આવીને ત્યાં સુધી તેને સહન કરવો એ પણ એક ખૂબ મહત્ત્વની બાબત છે.

આપણે ત્યાં મા-બાપ, વડીલો, સગા-સંબંધીઓ કે સમાજ પરીક્ષામાં નાપાસ થઈએ તો શું કરવું એ વિષે મુકત મને સલાહ આપતા હોય છે. પરંતુ, પ્રેમની નિષ્ફળતા, લગ્નજીવનની નિષ્ફળતા કે break ups જેવી સમસ્યા વિષે વાત કરતા શરમાય છે, અચકાય છે. અને આવા સમયે વ્યક્તિ પોતે પોતાની આ સૌથી અઘરી અવસ્થામાં જાત સાથે કઈ રીતે વર્તવું અને અન્ય સાથે આ બાબતે કઈ વાત કરવી, શું વાત કરવી એ અંગે સતત દ્વિધામાં જ રહે છે. લગ્નરૂપી બંધન ખૂબ સુંદર છે, આપણે ત્યાં તો માત્ર આ જન્મ પૂરતું જ નહીં પણ ભવોભવ માટે એક જ બંધનમાં જોડાવાની પરંપરા ચાલી આવતી હોવા છતાં આજે સમાજ રચનામાં લગ્નજીવન અને લગ્નસંસ્થાના પાયા ઘણા હચમચી ગયા છે. છૂટાછેટાનું પ્રમાણ ખૂબ વધ્યું છે. એકબીજાને સમજવાની, સહી લેવાની અને જતુ કરવાની વૃત્તિ ઉત્તરોત્તર ઘટી રહી છે. ત્યારે આવા સંજોગોમાં આ સુંદર લગ્નસંસ્થાને જાળવવાના પ્રયાસો તો કરવા જ રહ્યા પણ આ તબક્કે એથીયે વધુ અગત્યની બાબત છે આપણા સંતાનોને આ નિષ્ફળ સંબંધને સ્વીકારવા શીખે. આપણા સંતાનો જ નહિ આપણે પણ આવું કંઈક બને તો તેને સ્વીકારતા થઈએ અને જીવનમાં આગળ વધી શકીએ તો સમાજરચનાને વધુ સુદૃઢ અને સમજણયુક્ત બનાવી શકાશે.

પ્રસન્ન દાંપત્યજીવન એ દરેકનું સ્વપ્ન હોય છે અને એ માટે પોતાનાથી થાય તે તમામ પ્રયત્નો આપણે કરવા જ જોઈએ પરંતુ, એ સંબંધમાં બધું જ હોય માત્ર પ્રસન્નતા ન હોય તો તેનો ભાર વેંઢારવાની મૂર્ખામી કરવા જેવી નથી. દરેક વ્યક્તિને પોતાની પ્રસન્નતા શોધવાનો, જીવવાનો અને જાળવી રાખવાનો હક મળવો જ જોઈએ. સમયસર આ પ્રકારના બંધનમાંથી મુક્ત થઈ શકાય તો આજીવન 'બેફામ' કહે છે તેવી અવસ્થામાં જીવવાની જરૂર ન રહે :

**'કોણ જાણે હતી કેવી વર્ષોજૂની જિંદગીમાં અસર એક તન્હાઈની ?**
**કોઈએ જયાં અમસ્તુ પૂછ્યું : 'કેમ છો ?' અને આખી કહાની સુનાણી દીધી...**
**જોઈને રણ ઉપરનાં સૂકાં ઝાંઝવાં, અમને આવી ગઈ કંઈ દયા એટલી;**
**કે નદીઓ હતી જેટલી અંતરે, આંખ વાટે બધીયે વહાવી દીધી.**
**જીવતાં જે ભરોસો હતો ઈશ પર, એ મર્યા બાદ 'બેફામ', સાચો પડ્યો;**
**જાત મારી ભલેને તરાવી નહીં, લાશ મારી પરંતુ તરાવી દીધી.'**

સંબંધોનું સાયુજ્ય આપણા આ જીવનને સુંદર મહેકાવી દે. આજીવન જીવનનો આ બાગ મઘમઘતો રહે, પ્રસન્નતાની છોળો સદાય ઘરમાં વહેતી રહે અને કયારેક દુઃખના વાદળ આવી જાય તો પણ સમજણપૂર્વક સાથે મળીને તેને અવગણીને ફરી ઘરમાં, અંગત સંબંધોમાં આનંદ અને પ્રસન્નતા કઈ રીતે લાવી શકાય એ જો શીખી જઈએ તો લગ્નસંસ્થાને હજુ આવનારી અનેક પેઢીઓ સુધી અકબંધ રાખી શકીશું.

**Last Seen :**

*'તારી મ્હેકથી સુવાસિત મારા હૃદયના સૌ કક્ષ,*
*શું મારું-તારું, હાર-જીત મારા શબ્દ-કોષે આપણો જ પક્ષ,*
*અસ્થિર જળ' ને ત્રાજવે સંધાને દેખું*
*બસ પક્ષીની અક્ષ,*
*ચાહે કંઈ હો જીવનમાં, આપણું સાયુજ્ય હો એક જ લક્ષ.'*

**- 'સ્માર્ત'**

nehalgadhavi101@gmail.com

# પડકારો ઝીલવા કોંગ્રેસ ફરી સોનિયા ગાંધીને શરણે




ભારતના સૌથી જૂના અને આઝાદીના સંગ્રામના કેન્દ્રસ્થાને રહેલા કૉંગ્રેસ પક્ષના અધ્યક્ષપદનો અખત્યાર ફરીને ૭૩ વર્ષનાં સોનિયા ગાંધીએ સંભાળી લીધો છે.અગાઉ ૧૯૯૮થી ૨૦૧૭ લગી સોનિયા કૉંગ્રેસનાં અધ્યક્ષ રહ્યાં હોવાથી એ સૌથી લાંબા સમયગાળા માટે આ પક્ષનાં અધ્યક્ષ રહ્યાં. વિપક્ષી ટીકાના મારા છતાં નેહરુ-ગાંધી પરિવારનું ચુંબકત્વ પક્ષને એક રાખવાનું નિમિત્ત બને છે. ૪૯ વર્ષના ભણેલાગણેલા રાહુલ ગાંધી સકારાત્મક રાજકારણ રમવાના ખ્યાલ સાથે પહેલાં ઉપાધ્યક્ષપદે અને ડિસેમ્બર ૨૦૧૭થી અધ્યક્ષપદે આવ્યા તો ખરા, પણ કૉંગ્રેસના જામી પડેલા દરબારીઓએ એમને ચૂંટણીલક્ષી રાજકારણમાં ફાવવા દીધા નહીં. મે ૨૦૧૪ અને મે ૨૦૧૯ની લોકસભાની ચૂંટણીમાં ભારતીય જનતા પક્ષના ચાણક્યમાંથી ચંદ્રગુપ્ત બનેલા નરેન્દ્ર મોદીના રાજકારણ સામે રાહુલબાબા ઉણા ઉતર્યા. જોકે છેલ્લી લોકસભા ચૂંટણીમાં ભાજપને મળેલા ૨૩ કરોડ જેટલા મત સામે કૉંગ્રેસને ૧૨ કરોડ મત મળ્યા હોય છતાં એ પક્ષના અધ્યક્ષ ''મારે અધ્યક્ષ નથી રહેવું''ની રઢ લઈને રાજીનામું આપે અને બે મહિના કરતાં વધુ સમય સુધી આવો મુખ્ય વિપક્ષ નેતૃત્વહીન અવસ્થામાં મજાકનું નિમિત્ત બને એટલી અપરિપક્વતા ૧૩૪ વર્ષ જૂના પક્ષ કનેથી તો અપેક્ષિત નહોતી. જયારે સામે બબ્બે મુદતથી ભાજપ સત્તારૂઢ હોય અને એનાં રીતસર ઘોડાપૂર રાજકીય ક્ષેત્રે ફરી વળ્યાં હોય ત્યારે ''સબકુછ બદલ ડાલો''ના સંકલ્પ સાથે નવી હવાની લહેરકીની જેમ આવેલા રાહુલ સાવ જ રણ છોડી જાય એ તો અપેક્ષિત નહોતું જ. એમની સામે તેમનાં દાદીમા ઈન્દિરા ગાંધીનું ઉદાહરણ હતું. ૧૯૭૫-'૭૭ની ઈમરજન્સી પછી માર્ચ ૧૯૭૭માં તેઓ વડાપ્રધાન હતાં ત્યારે પોતાની બેઠક પણ હારી ગયા પછી પણ માત્ર ત્રણ જ વર્ષમાં ફરી ભવ્ય બહુમતી સાથે કેન્દ્રમાં સત્તારૂઢ થયાં હતાં.રાજ્યોમાં પણ કૉંગ્રેસનો વિજયધ્વજ લહેરાવ્યો હતો. અરે, એમનાં માતા સોનિયાનું પણ ઉદાહરણ ક્યાં નહોતું? એ તો ઈટાલીમાં જન્મીને રાજીવ ગાંધી સાથે પરણી દિલ્હી આવી વસ્યાં. એ પછી આજ લગી તો સવાયાં ભારતીય સાબિત થયાં. મહેણાંટોણાં અને ચરિત્રહનનના દોરમાંથી પસાર થઈને પણ એમના નેતૃત્વમાં કૉંગ્રેસે એક આખો દાયકો ભારત પર રાજ કર્યું. મહારાષ્ટ્ર, આસામ અને દિલ્હી જેવાં કેટલાંક રાજ્યોમાં તો લાગલગાટ પંદર-પંદર વર્ષ સુધી કૉંગ્રેસે સત્તા સંભાળી. એમના સમર્થકો થકી ક્યારેક પક્ષના અધ્યક્ષ રહેલા સીતારામ કેસરી સાથે દુર્વ્યવહાર કરાયાની કે વડાપ્રધાન અને કૉંગ્રેસના અધ્યક્ષ રહેલા પી.વી. નરસિંહરાવ સાથે દુર્વ્યવહારની ગાજવીજ કરનારા ભાજપી નેતાઓએ પોતાના પૂર્વ અવતાર જનસંઘના સંસ્થાપક અને અધ્યક્ષ રહેલા બલરાજ મધોક અને મૌલીચંદ્ર શર્માના શા હાલ કર્યા હતા, એ અનુકૂળતાએ વિસારે પાડે છે. જનસંઘ અને ભાજપમાં એકથી વધુવાર અટલબિહારી વાજપેયી અને લાલકૃષ્ણ આડવાણી અધ્યક્ષ બનતા રહ્યા છે. રાજકીય પક્ષોમાં આવા અનુભવો અને નારાજગીઓ કે જૂથવાદ તો રહેવાનો. આયનામાં સૌ પોતાના ચહેરા જોઈ લેવાનું રાખે એ જરૂરી છે. આ તબક્કે પેલી પંક્તિનું સ્મરણ થઈ આવે છે: ''પીંપળ પાન ખરંતાં હસતી કુંપળિયાં, મુઝ વીતી તુઝ વીતશે ધીરી રહે બાપુડિયાં''. બાકી જય-પરાજય તો રાજકીય ક્ષેત્રમાં ચક્રવત્ હોય છે.

**વિખરાતી કૉંગ્રેસમાં વિશ્વાસ**

એવું નથી કે રાહુલના નેતૃત્વમાં કૉંગ્રેસ જીતી નથી. રાહુલના નેતૃત્વના તાલીમી ગાળામાં જ પંજાબ જેવું મહત્વનું રાજ્ય કૉંગ્રેસને મળ્યું છે. મધ્યપ્રદેશ, રાજસ્થાન અને છત્તીસગઢ જેવાં ભાજપાના ગઢ સમાન રાજ્યો કૉંગ્રેસના અધ્યક્ષ રાહુલના નેતૃત્વમાં ભાજપ કનેથી આંચકી લેવામાં પક્ષને સફળતા મળી છે. કેન્દ્રમાં અમર્યાદ સત્તા અને નાણાંની રેલમછેલ સામે અડગ રહીને કર્ણાટકમાં ઘણો લાંબો સમય ભાજપના અશ્વમેધને આડા હાથ દેવામાં રાહુલના નેતૃત્વને સફળતા મળી જ છે. રાજકારણના ખેલમાં કોણ ક્યારે કઈ બાજી જીતે કે હારે એ નક્કી હોતું નથી. ક્યારેક લોકસભામાં માત્ર બે જ બેઠક મેળવનાર ભાજપ આજે ૩૦૩ બેઠકો ધરાવે છે અને ક્યારેક આ જ ગૃહમાં ૪૨૫ બેઠકો ધરાવનાર કૉંગ્રેસની ગઈ લોકસભામાં માત્ર ૪૪ બેઠકો હતી, આ વખતે ૫૨ (બાવન) છે. કદાચ એનાથી પણ આંકડો ઓછો થાય તો પણ પીચ પર અડગ ટકી રહે એ જ ક્યારેક વડાપ્રધાનપદ સુધી પહોંચી શકે. લાગણીવેડા રાજકારણમાં ઝાઝા ચાલે નહીં.પક્ષની બાંધણી પર ધ્યાન આપવાનું અનિવાર્ય છે. ઉતાવળે આંબા પાકે નહીં. સત્તાકાંક્ષી રાજકારણમાં તાત્કાલિક લાભ ખાટવાની વૃત્તિવાળા ઝટ સામી છાવણીને પોતીકી કરે ત્યારે અર્જુનવિષાદયોગમાં જ રમમાણ રહેવામાં તો રહ્યુંસહ્યું ય લૂંટાઈ જાય. આદર્શવાદ રાજકારણમાં પ્રસ્થાપિત કરવાનો આદર્શ સારો છે,પણ એ વાસ્તવવાદી નથી. અહીં તો જે પાણીએ મગ ચડે એ કરવાની જ વૃત્તિ-પ્રવૃત્તિ ઝગારા મારતી હોય ત્યારે કૉંગ્રેસના દરબારીઓમાં પણ રાહુલની આદર્શોની વાતો વેવલાવેડા ગણાવા માંડે. એનો અર્થ એવો નથી કે એમણે રાજકારણને સુધારવાના સંકલ્પને સાવ જ માંડી વાળવો. સમય આવ્યે એનો અમલ કરવાનું રાખવું, અન્યથા સાવ જ લુપ્ત થયા પછી અરણ્યરૂદન કરવાનો જ વારો આવે. દિલ્હીથી લઈને ગામડાગામ સુધી કાર્યકરો તૈયાર કરવાની જરૂર છે. ભાજપવાળા ધાડ પાડે તો પણ બીજી કતારના કાર્યકરોની કેડર તૈયાર હોય તો કૉંગ્રેસની નૈયા ડૂબે નહીં.

- **કૉંગ્રેસના દરબારીઓમાં પણ યુવાનેતા રાહુલ ગાંધીની આદર્શોની વાતો સાવ જ વેવલાવેડા ગણાવા માંડે**
- **સત્તામાં અવાય કે ના અવાય, મજબૂત વિપક્ષ અથવા વિપક્ષી મોરચો હોવો એ લોકશાહી માટે અનિવાર્ય**
- **ભાજપને મળેલા ૨૩ કરોડ મત સામે કૉંગ્રેસને ૧૨ કરોડ મળ્યા છતાં વિપક્ષની સાવ નેતૃત્વહીન અવસ્થા**
- **કૉંગ્રેસી અધ્યક્ષ કેસરીની ખેવના કરનારાઓનું મધોક અને મૌલીચન્દ્ર શર્મા સાથેના દુર્વ્યવહાર વિશે મૌન**
- **ડો.હેડગેવાર અને ડો.મુકરજી જેવા કૉંગ્રેસીઓ હતા, મહાત્મા ગાંધીએ કહ્યું હતું કે કૉંગ્રેસ મરે તો દેશ મરે**

**કૉંગ્રેસનો ભવ્ય ઈતિહાસ**

કૉંગ્રેસના ૧૩૪ વર્ષના ભવ્ય ઈતિહાસમાં લડવા-ઝગડવાના કે ભાગલા પડવાના અનેક પ્રસંગો આવ્યા છે. મહારથીઓ વચ્ચે મતભેદ સર્જાયા છે. છૂટા થયા છે. અલગ પક્ષ રચાયા છે. આમછતાં, આઝાદીની લડતમાં કૉંગ્રેસના ભવ્ય યોગદાન અને લાંબો સમય સુધી પ્રજા થકી એને સત્તામાં જાળવી છે. બધા દિવસ કોઈના એકસરખા જતા નથી હોતા. ક્યારેક કૉંગ્રેસની હિંદુવાદી છબી ઉપસતી હતી અને એ મુદ્દે દેશના ભાગલા કરનારા પણ ક્યારેક કૉંગ્રેસમાં જ હતા.સર્વસમાવેશક બની ગજગામી રીતે કૉંગ્રેસ સતત આગળ વધતી રહી છે. ભાજપના પૂર્વ અવતાર જનસંઘના સંસ્થાપક અધ્યક્ષ ડૉ.શ્યામાપ્રસાદ મુકરજી સહિતના ઘણા નેતાઓ અને તેની માતૃસંસ્થા રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘના સંસ્થાપક ડૉ.કેશવ બલિરામ હેડગેવાર સહિતના ઘણા નેતાઓ કૉંગ્રેસમાં જ હતા. આજકાલ કૉંગ્રેસમુક્ત ભારતની વાતને મહાત્માના નામ સાથે જોડવા ઈચ્છુકોને જીવનસંધ્યાએ મહાત્મા ગાંધીએ સંભવતઃ એટલે જ કહ્યું હતું કે કૉંગ્રેસ મરે તો દેશ મરે.

**હવે ધારાસભાની ચૂંટણીઓ**

કૉંગ્રેસ માટે હવે કરોળિયો જ આદર્શ બની રહે તો ઘણુંબધું શક્ય છે. કરોળિયો અનેકવાર પડે છે, આખડે છે પરંતુ અંતે તો એની જાળ બાંધવામાં સફળ રહે છે. કૉંગ્રેસ સામે પોતાનો ભવ્ય ભૂતકાળ હોવા છતાં એમાંજ રમમાણ રહેવાને બદલે કામે વળવાની અને કાર્યકરોને પ્રજા સાથે જોડવાની જરૂર છે. વડાપ્રધાન મોદી સહિતના ભાજપના નેતાઓ અને સંઘ પરિવારને માત્ર ભાંડ્યા કરવાથી તો તેમનો પ્રચાર કરવા જેવું બનશે. ક્યારેક ડૉ.રામમનોહર લોહિયા આવી રીતે જ વડાપ્રધાન પંડિત નેહરુના પ્રચારમંત્રી બની જતા હતા. કૉંગ્રેસે પોતાનો એજન્ડા નક્કી કરીને કે પોતાના સર્વસમાવેશક સિદ્ધાંતોને અનુરૂપ કાર્યક્રમો ઘડીને કાર્યકરોને સતત પ્રજા વચ્ચે તેમના સુખદુઃખમાં સહભાગી કરવા કામે વાળવાની જરૂર છે.ચૂંટણી જાહેર થાય એટલે પ્રજાની વચ્ચે દેખાવામાત્રથી ચૂંટણીઓ જીતાતી નથી. કૉંગ્રેસના અધ્યક્ષ તરીકે પોતાને નિષ્ફળ ગણાવતા રાહુલબાબા માટે હવે માતા સોનિયા ગાંધીના નેતૃત્વમાં અને બહેન પ્રિયંકા ગાંધી-વાડરાના સાથમાં આગામી ત્રણ વિધાનસભા ચૂંટણીઓ લડવા કમર કસવાની જરૂર છે. ગુમાવાનું કશું જ નથી.મેળવવાનું જ છે.કારણ કે હરિયાણા અને મહારાષ્ટ્રની વિધાનસભા ચૂંટણી જીતે તો વિજયોત્સવ મનાવી શકાશે અને હારે તો ભાજપની સરકાર હતી એટલે ગુમાવાનું કશું નથી. જમ્મૂ-કાશ્મીર મુદ્દે વડાપ્રધાન મોદી અને ગૃહમંત્રી અમિત

અનુસંધાન પાના નં ૭ પર